| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૩/૧૦/૨૦૨૩ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૮૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૨૪૦ લીટર દેશી દારૂ, ૧૬૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૯૮ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧૪૯ બીયરટીન, ૦૨ રીક્ષા, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૮૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૬૮૬/૨૦૨૩

**નવરંગપુરાઃ** કેતનભાઇ લાલજીભાઈ આચાર્ય (ઉ.વ.૩૯)(રહે,કનકેશ્વરી પાર્ક, રંગસાગર સોસાયટીની બાજુમાં, સરદાર ચોક, કૃષ્ણનગર) એ તા.૧૨/૧૦/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૭/૨૦૨૩ થી તા.૨૦/૦૭/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા, લાલ બંગલા ચાર રસ્તા પાસે, શ્રી બાલાજી હાઈટસ ઓફીસ નંબરઃ ૩૧૨ ખાતે આવેલ કેતનાભાઇની "સુવર્ણમ જવેલ્સ" ખાતે થી આરોપી સુશીલકુમાર રબીન્દ્રનાથ ધારા (રહે.જશ એપાર્ટમેન્ટ, ભાવના સોસાયટી, પેટ્રોલપંપ પાછળ, ભુલાભાઈ ચાર રસ્તા, મુળ વતનઃ ચૌધરી દાસ્પદા માધબદીહી, બુદવાના ચૌતા, બાઈના રૈના, વેસ્ટ બેંગાલ) એ દાગીનાનો ઘાટ બનાવવા સારૂ કેતનભાઇ પાસેથી ૨૪ કેરેટ સોનુ કિંમત રૂપિયા ૨૨,૨૬,૨૫૨/- મતાનુ મેળવી નાસી જઇ કેતનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.વાઘેલા ચલાવે છે.

**નરોડાઃ** ચંન્દ્રકાન્ત ખોડાભાઇ મકવાણા (ઉ.વ.૪૫)(રહે.સમન્વય રેસીડન્સી પંચલોક ચાર રસ્તાની બાજુમાં ચાંદખેડા) એ તા.૧૨/૧૦/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૭/૨૦૨૦ થી તા.૩૦/૯/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન નરોડા જી.આઇ.ડી.સી પ્લોટ નંબરઃ-૮૦૧/ડી/૦૨ ફેઝ-૪ “ઓરીયો સંઘાઇ કલર પ્રા.લી” ખાતે થી કલર કેમીકલનો માલ કુલ કિંમત રૂપિયા ૬૭,૭૮,૯૫૬/- નો ખરીદ કરી તેના બદલામાં રૂપિયા ૬૦,૫૮,૫૫૫/- નો કલર કેમીકલ માલ ચંન્દ્રકાંત મકવાણાની કંપનીને વેચાણ કરી બાકી નિકળતા કુલ રૂપિયા ૭,૨૦,૪૦૧/- નહિ ચુકવી ચંન્દ્રકાંત મકવાણાની કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૬૮૭/૨૦૨૩

**સેટેલાઇટઃ** અભિલાશ ખીમાભાઇ શાક્યા (ઉ.વ.૬૮)(રહે.અતુલ્યમ ટોરેન્ટા પાવર સબ સ્ટેશન પાસે, અનન્હટા રેસીડેન્સી પાસે, મકરબા રોડ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૦/૨૦૨૩ સાંજના ૬/૦૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન સેટેલાઇટ આંબાવાડી સહજાનંદ કોલેજની પાછળ, આનંદ ગેરેજની સામે કાર ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક એક્ટિવા ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ અભિલાશભાઇને “કારમાં પંચર છે” તેમ કહેતા અભિલાશભાઇ એ પંચરની દુકાને કાર ઉભી રાખતા, અભિલાશભાઇની નજર ચુકવી તેમની કારની ડ્રાઇવર સીટની બાજુની સીટ ઉપર મુકેલ કપડાની થેલી કે જેમાં રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/- મુકેલ હતા તે થેલીની ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

## દાઝી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૬૮૮/૨૦૨૩

**ઇસનપુરઃ** વિમળાબહેન વા/ઓ નટવરલાલ પટેલ (ઉ.વ.૭૮)(રહે.બિનયપાર્ક સોસાયટી પુર્વીનગર સોસાયટી અંદર, ઘોડાસર કેનાલ રોડ ઘોડાસર) તા.૧૨/૧૦/૨૦૨૩ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં દિવાબત્તી કરતા હતા ત્યારે પહેરેલ કપડામાં આગ લાગતા શરીરે લાગતા દાઝી જતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન સવારના ૯/૧૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વાઘેલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી